Om
namo
bhagavate
Sri Aravin dāya---



The descending triangle represents Sat. Chit. Ananda.
The ascending triangle represents the aspiring answer
from matter under the form of life, light and love.
The junction of both - the central square - is the
perfect manifestation having at its centre the Avatar
of the Supreme - the lotus.
The water - inside the square - represents the
multiplicity, the creation.

નીચે ઊતરતો ત્રિકોણ તે સત્-ચિત્-આનંદનું પ્રતીક છે.

ઉપર ચઢતો ત્રિકોણ તે જડતત્ત્વમાંથી જીવન, પ્રકાશ અને પ્રેમ રૂપે જે અભીપ્સામય પ્રત્યુત્તર પ્રગટ થાય તેનું પ્રતીક છે.

એ બંનેનું મિલન - વચ્ચેનો ચતુષ્કોણ - તે પૂર્ણ આવિર્ભાવ છે. એના કેન્દ્રમાં પરમાત્માનો અવતાર - કમળ છે.

પાણી - ચતુષ્કોણની અંદરનું - તે બહુરૂપતાનું, સૃષ્ટિનું પ્રતીક છે.

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● August 2022
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2022
AUGUST
૧ ઑગસ્ટ, ૨૦૨૨

– Sri Aurobindo –
– શ્રી અરવિન્દ –

OM Tat Sat Jyotir Aravinda
ॐ तत् सत् ज्योतिरर्रविन्द

OM Satyam Jnânam Jyotir Aravinda
ॐ सत्यं ज्ञानं ज्योतिरर्रविन्द

OM Tat Sat Jyotir Aravinda

ॐ तत् सत् ज्योतिरर्रविन्द

OM Satyam Jnânam Jyotir Aravinda

ॐ सत्यं ज्ञानं ज्योतिरर्रविन्द

circa 1927

Letters on Himself and the Ashram
P. 830

THERE was no longer any body, no longer any sensation; only a column of light was there, rising from where the base of the body normally is to where usually is the head, to form there a disk of light like that of the moon; then from there the column continued to rise very far above the head, opening out into an immense sun, dazzling and multicoloured, whence a rain of golden light fell covering all the earth.

Then slowly the column of light came down again forming an oval of living light, awakening and setting into movement — each one in a special way, according to a particular vibratory mode — the centres above the head, in the head, the throat, the heart, in the middle of the stomach, at the base of the spine and still farther down. At the level of the knees, the ascending and descending currents joined and the circulation thus went on uninterruptedly, enveloping the whole being in an immense oval of living light.

Then slowly the consciousness came down again, stage by stage, halting in each world, until the body-consciousness returned. The recovery of the body-consciousness was, if the memory is correct, the ninth stage. At that moment the body was still quite stiff and immobile.

– The Mother

Prayers and Meditations
21 July 1914

હવે શરીર રહ્યું નહોતું, કોઈ સંવેદન રહ્યું નહોતું; માત્ર પ્રકાશનો એક સ્તંભ હતો, સામાન્ય રીતે જ્યાં શરીરનો મૂલાધાર હોય છે ત્યાંથી ઉપર ચડતો ચડતો તે જ્યાં સામાન્ય રીતે મસ્તક હોય છે ત્યાં સુધી પહોંચી જતો હતો અને ત્યાં આગળ ચંદ્રના બિંબ જેવું બિંબ રચતો હતો. ત્યાંથી પછી એ સ્તંભ ઉપર ચડતો ચડતો મસ્તકથી ખૂબ ખૂબ દૂર ઉપર ચાલ્યો ગયો અને એક પ્રચંડ સૂર્ય રૂપે ફેલાઈ ગયો, ખૂબ જ ઝળહળતા અને અનેક રંગોવાળા, એમાંથી પછી આખીયે પૃથ્વીને ઢાંકી દેતા સોનેરી પ્રકાશની વર્ષા થઇ રહી.

તે પછી પ્રકાશનો એ સ્તંભ ધીરે ધીરે નીચે ઊતરતો ગયો અને એક જીવંત પ્રકાશનો બનેલો લંબગોળ બની રહ્યો, અને તે બધાં ચક્રોને, મસ્તકની ઉપરનું ચક્ર, મસ્તક, ગળું, હૃદય, પેટનો મધ્ય ભાગ, કરોડરજ્જુનો પાયો અને તેથી પણ નીચેના ભાગમાં આવેલાં ચક્રોને, દરેક ચક્રને એક ખાસ રીતે, જાગૃત કરતો ગયો અને ગતિમાં મૂકતો ગયો. ઢીંચણની ઊંચાઈ આગળ, ઉપર ચડતા અને નીચે ઊતરતા પ્રવાહો એકબીજા સાથે જોડાઈ ગયા અને એ પરિભ્રમણ આ રીતે અસ્ખલિત બની ગયું, અને આખાયે સ્વરૂપને તેણે જીવંત પ્રકાશના એક પ્રચંડ લંબગોળથી વીંટી લીધું.

પછીથી ચેતના ધીરે ધીરે એક એક અવસ્થામાં થતી થતી, દરેક જગતની આગળ અટકતી અટકતી, શરીરની ચેતના પાછી આવી ગઈ ત્યાં સુધી નીચે ઊતરતી રહી. શરીરની ચેતનામાં પાછા આવી જવાની ક્રિયા, મારી સ્મૃતિ ચોક્કસ હોય તો, નવમી અવસ્થા હતી. આ ક્ષણે શરીર હજી પણ તદ્દન અક્કડ અને સ્થિર હતું.

– શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન
૨૧ જુલાઈ ૧૯૧૪